**ડંકી રૂટ મારફત બેંગકોકના મેસોર્ટથી મ્યાનમાર હોડી રાત્રે લઇ જવાતા હતા**

# સાયબર માફિયાઓના 20થી 25 વોલેટ આઇડી મળ્યા

**મ્યાનમારના** માયાવાડીમાં કે.કે. હબમાં 50થી વધુ સાયબર માફિયા સક્રિય

સુરતઃ સાયબર સેલ દ્વારા સાયબર સેલ્વરીના આંતરરાષ્ટ્રીય કૌભાંડમાં વધુ ઘટસ્ફોટ કરાયો છે, જેમાં એજન્ટો મારફતે જોબનાં સપનાં જોઈ આવેલા લોકોને બેંગકોકથી મ્યાનમાર મોડી રાત્રે હોડીમાં બેસાડી લઈ જવાતા હતા. જ્યાં માયાવાડી વિસ્તારમાં કે.કે. હબમાં જોબ કરનારને લઈ જઈ હોસ્ટેલમાં રાખતા હતા.

સુરત સાયબર સેલે એક એવા આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ કર્યો છે, જે ભારતીય યુવાનોને ડિજિટલ ગુલામ બનાવી રહ્યું હતું. આ મામલે સુરત અને પંજાબથી કુલ ત્રણ એજન્ટની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે લગભગ 150 જેટલા ભારતીયો આ નરકમાં ફસાયેલા છે. પોલીસ પાસે જે 40 લોકોનું લિસ્ટ મળ્યું છે. તેમાંથી 7 ભારતીય પરત આવ્યા હોવાની માહિતી મળી છે. પોલીસ આગામી દિવસોમાં પરત આવેલા લોકોની પણ પૂછપરછ કરશે તેવી શક્યતાઓ છે. સેન્ટ્રલ આઈબીના પીએસઆઈ કક્ષાને અધિકારીએ 3 આરોપીની સતત 4 કલાક પૂછપરછ હાથ ધરી હતી, જેમાં પોલીસે મ્યાનમાર જવા કઈ કઈ બોર્ડરનો ઉપયોગ કરતા હતા. ચાઈનીઝ ગેંગ સિવાય અન્ય કોઈ ગેંગની સંડોવણી છે કે નહીં. સમગ્ર ગેંગ કોના નેજા હેઠળ કામ કરે છે? અન્ય કોની સંડોવણી છે તે જાણવાના પ્રયત્ન કર્યા હતા. પોલીસને 3 આરોપી પાસેથી તપાસ દરમિયાન વધુ 20 થી 25 વોલેટ આઈડી મળી આવ્યાં છે. જે આઈડીનાં ટ્રાન્ઝેક્શનો પોલીસ આગામી દિવસોમાં તપાસ કરશે. ઈન્ડિયા સહિતના અન્ય દેશોના લોકોને નોકરીની લાલચ આપી બેંગકોક બોલાવતા હતા. ત્યાંથી તેમને બેંગકોકના મિસોર્ટના મૂઈ રિવર નજીક હોટલમાં રોકાણ કરાવતા હતા. જ્યાં અન્ય એજન્ટો દ્વારા પણ બીજા લોકોને લઈને આવે ત્યાં સુધી હોટેલમાં રોકાણ કરાવતા હતા, જેમાં એકથી બે મહિનાનો સમય પણ લાગતો હતો. જ્યાં સમગ્ર ખર્ચ એજન્ટો ઉઠાવતા હતા. જે બાદ 5 જેટલા લોકો ભેગા થતા હતા. મોડી રાત્રે મૂઈ નદી થઈ અને ગાઢ જંગલો અને પહાડોના ડંકી રૂટ પાર કરી મ્યાનમારના માયા વાડી વિસ્તારમાં લઈ જઈ ચાઈનીઝ ગેંગને સોંપી દેવામાં આવતા હતા. લીગલ રીતે આવનાર લોકો મૂઈ રિવર પર આવેલા ફ્રેન્ડશિપ બ્રિજનો ઉપયોગ કરે છે.

### કોડ પર રાખેલા યુવાનો હાઇપ્રોફાઇલ લોકોની આઇડી શોધતા હતા

જોબ માટે આવેલા લોકોને એક જ કેમ્પસમાં ગોંધી રાખતા અને એક કેમ્પસમાં બનાવેલા હબમાં કામ કરાવાતું હતું. તેમને તે વિસ્તારમાં ક્યાંય પણ જવું હોય તેમનાં જ વાહનોનો ઉપયોગ કરવો પડતો હતો. જો કોઈ યેનકેન પ્રકારે કેમ્પસમાંથી બહાર નીકળી જાય તો મ્યાનમારની આર્મીના હાથે લાગી જાય. જે બાદ તેને સ્કેન કરી આખો બાયોડેટા ચેક કરતા અને તેના કોર્ડ વોર્ડની હબમાંથી પરમિશન ન હોવાનું જાણે તો તરત તેને શૂટ કરી દેતા હતા. કે.કે.હબમાં જોબ કરતા લોકો પાસેથી સાયબર માફિયાઓ અલગ અલગ દેશના લોકોને સોશિયલ મીડિયા પર શોધવાનું કામ કરાવતા હતા.

### 70થી 80 હજાર પગાર પણ USDTમાં જ તેની ચૂકવણી થતી હતી

ટ્રેનિંગ પત્યા બાદ તેઓ પોતાના સેન્ટરમાં જોબ સ્ટાર્ટ કરાવતા હતા. આ દરમિયાન તેઓ કોઈના પણ સંપર્કમાં રહેવા દેતા નહીં, તેમના પાસપોર્ટ પણ લઈ લેતા હતા. તમામને બંદૂકો સહિતના સિક્યુરિટી ગાર્ડની સુરક્ષામાં રાખતા હતા. તેમની જોબનો સમય જેને જે દેશનું કામ સોંપતા તે દેશના દિવસના સમય પ્રમાણે રહેતો હતો. જેમ કે અમેરિકાના દેશના લોકોને ટાર્ગેટ કરવાનું કામ આપતા તેમાં તેઓ મ્યાનમારમાં રાત્રે કામ કરાવતા કેમ કે ત્યારે અમેરિકામાં દિવસ હોય.

### પરિવારને મળવા આવ્યા બાદ પણ તેમની પર વોચ રાખતા

ચાઇનીઝ ગેંગ શરૂઆતમાં કામ કરાવતી ત્યારે બંદૂકની અણીએ તેની પાસે કામ કરાવતી હતી. જે બાદ કઈ રીતે કામ કરે છે તેની પર વોચ રાખતા તેમને ટાર્ગેટ પણ આપવામાં આવતા હતા. જ્યાં ટાર્ગેટ પૂરો કરતા તેમને મનપસંદ ભોજન પણ આપતા હતા. કોઈ રસથી કામ કરે તો તેને ૮ મહિના બાદ પરિવારને મળવા જવા પણ દેતા હતા. પરિવારને મળવા આવેલા લોકો તેઓ ટેલીગ્રામ લિંકથી સંપર્કમાં રહેતા. તેમને ધમકી પણ આપતા કે આ મામલે કોઈ એજન્સી જાણ કરશે તો તેને તત્કાળ તેના માણસો શૂટ કરી નાંખશે.

## બેકારીથી કંટાળી વેડ રોડના આધેડનો તાપી નદીમાં કૂદી આપઘાત

સુરતઃ વેડ રોડ પંડોળ ખાતે રહેતા આધેડનો અમરોલી બ્રિજ નીચે તાપી નદીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. આધેડ એક દિવસ પહેલાં ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા હતા. આધેડે બેકારીના કારણે આપઘાત કર્યો હોવાની શક્યતા છે. ચોકબજાર વેડ રોડ પંડોળ મસ્જિની સામે ઝૂપડપટ્ટી માં રહેતા 47 વર્ષીય અરવિંદ બચુભાઈ રાઠોડ કોઈ કામધંધો કરતાં ન હતા અને દારૂ પીવાની ટેવ હતી. 1 સપ્ટેમ્બરના રોજ અરવિંદભાઈ ઘરેથી કહ્યા વગર નીકળી ગયા હતા. દરમિયાન મંગળવારે બપોરે અમરોલી બ્રિજ નીચે તાપી નદીમાંથી અરવિંદભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે વધુ તપાસ કતારગામ પોલીસ કરી રહી છે.

## 74 કેમેરા ચેક કરી ઇચ્છાપોરમાં ચોરી કરનાર ત્રણ કિશોર ઝડપાયા

સુરતઃ ઇચ્છાપોર ગામના ભેસાણ રોડ વિસ્તારમાં આવેલી ભંગારની ગોડાઉન તથા મોટર બોડી રીપેરીંગ ગેરેજમાં થયેલી બે અલગ અલગ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલા ત્રણ કિશોરને પોલીસે ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી એક પલ્સર મોટરસાયકલ અને કુલ રૂ.90,000ના મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ડીસીપી શેફાલી બરવાલે 74 જેટલા સીસીટીવી કેમેરાની ચકાસણી કરીને ત્રણ કિશોરોને ઝડપી પાડી તેમની પાસેથી ચોરીમાં વપરાયેલી બાઇક, પાંચ પીતળના ડીઝલ વાલ્વ, પાવર ઝોન બેટરી, એલ્યુમિનિયમ સેક્શનની પટ્ટીઓ અને વીવી કંપનીનો V40 મોબાઇલ ફોન કબજે લીધો હતો.

## ભાડેથી લીધેલી 15 લાખની સેન્ટિંગ પ્લેટો લઈ કાકડિયા દંપત્તિ ફરાર

સુરત : ભેસ્તાનના પાસેથી 18.18 લાખની સેન્ટિંગ પ્લેટો ભાડેથી લઈ ભાડુ ચુકવ્યા કે પ્લેટ પરત કર્યા વગર ફરાર થઇ ગયેલા પુણા ગામના દંપતિ સહિત ત્રણ સામે ગુનો નોંધાયો છે. પાલ ગેલેક્સી સર્કલ પાસે શ્રી મરૂધર રેસિડેન્સીમાં રહેતા વેપારી રાજેન્દ્રસિંહ મોહનસિંહ શેખાવતે પ્રતિક ભરત કાકડિયા (રહે. શ્યામધામ સોસાયટી, પુણાગામ), તેની પત્ની ચંદ્રીકા પ્રતિક કાકડિયા અને વિનોદ વિરજી ખુંટ (રહે. ગંગોત્રી સોસાયટી, નાના વરાછા) સામે ઠગાઇની ફરિયાદ કરી છે. આ ત્રણેય તેમની ઓફિસે આવ્યા હતા. આરોપી પ્રતિક કાકડિયાએ પોતે "અયાન એન્ટરપ્રાઇઝ" નામની પેઢીમાં સેન્ટિંગ પ્લેટનો ધંધો ચલાવતો હોવાની ઓળખ આપી હતી. તેમણે તેમની પાસેથી રૂપિયા 15 લાખની પ્લેટ ભાડે લીધી હતી જે લઇને તેઓ પલાયન થઇ ગયા હતાં તેમજ 2.64 લાખનું ભાડું પણ ચુકવ્યું ન હતું.

## વિયર કમ કોઝવે પરથી મહિલાએ છલાંગ લગાવી, માછીમારોએ બચાવી લીધી

**ફાયર** બ્રિગેડની ટીમે મહિલાને CPR આપી તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ દોડ્યા



સુરતઃ બુધવારે સાંજે રાંદેર અને સિંગણપોરને જોડતા વિયર કમ કોઝવે પરથી નદીમાં એક મહિલાએ ભુસ્કો મારી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. કિનારા ઉપરના માછીમારોએ તેને બચાવીને પાણીની બહાર કાઢી હતી. દરમિયાન ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. બાદમાં બેહોશમહિલાને સીપીઆર આપી 108 મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.આજે સાંજે 4:30 કલાકે 26 વર્ષિય મહિલાએ વિયર કમ કોઝવે પરથી નદીમાં છલાંગ લગાવી દીધી હતી. આ સમયે કિનારા ઉપર માછીમારી કરતાં માછીમારોએ તેને બચાવીને બોટમાં લઈ જઈ બાહર કાઢી હતી. ફાયર કંટ્રોલને જાણ કરાતા અડાજણ ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર અક્ષય પટેલે જણાવ્યું હતું કે, મહિલા બેહોશ અવસ્થામાં હોવાથી તેને પહેલાં પીસીઆર આપી બાદમાં તેને 108 મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. બનાવ અંગે આગળની તપાસ અડાજણ પોલીસે શરૂ કરી હોવાનું પણ ફાયર બ્રિગેડના સૂત્રોએ ઉમેર્યું હતું.

**સાતથી આઠ લાખની વસ્તી સામે માત્ર એક જ ઓપરેટર**

# સરથાણા ઝોનમાં આધારકાર્ડની સેવા જ નિરાધાર બની ગઈ

**કલાકો** સુધી લાઇનમાં ઊભી રહેતી મહિલાઓએ બાળકો માટે ઘોડિયું સાથે લાવવું પડે તેવી સ્થિતિ



સુરત : મહાનગરપાલિકાએ આધાર કાર્ડ સંબંધિત કામગીરી ખાનગી ઈજારદારને સોંપી છે, પરંતુ છેલ્લા એક વર્ષથી આ કામગીરીમાં ભારે અવ્યવસ્થા છે. મોટાભાગના કેન્દ્રો પર ઓપરેટરો ઉપલબ્ધ નથી, ખાસ કરીને સરથાણા ઝોન-બીમાં તો અંદાજે સાતથી આઠ લાખની વસ્તી સામે માત્ર એક જ ઓપરેટર છે. પરિણામે પ્રજા કલાકો સુધી લાઈનમાં બેસી રહે છે, વિદ્યાર્થીઓને રજા લેવી પડે છે અને નાના બાળકો સાથે આવેલા પરિવારોને સાથે ઘોડિયું લઈને લાવવુ પડે તેવી સ્થિતીના વિડિયો પણ વાયરલ થયા છે.

આ મુદ્દે આમ આદમી પાર્ટીના કોર્પોરેટર મહેશ અણઘણે કટાક્ષ કરતા જણાવ્યું કે, મનપાના ઈજારદાર દ્વારા ઓપરેટરોને પેમેન્ટ ચૂકવાતું નથી. એટલા માટે ઓપરેટરો મળતા નથી. ઈજારદારને 49 લાખની પેનલ્ટી લાગ્યાના કારણે પણ સેવા અટકાવવામાં આવી રહી છે. પરંતુ આ આંતરિક ખેંચાતાણમાં પીસાઈ રહી છે જનતા, જેઓ સમયસર ઓળખ તથા સરનામાના પુરાવા ન રજૂ કરી શકવાને કારણે સરકારી લાભોથી વંચિત રહી જાય છે."

# પાંડેસરામાં પ્રેમિકાના પરિવારના ત્રાસના કારણે યુવકે આપઘાત કર્યાનો પરિજનોનો આક્ષેપ

**મૃતદેહ** સ્વીકારવાનો પરિવારજનોએ ઇનકાર કરી સખ્ત કાર્યવાહીની માંગ કરી



સુરતઃ પાંડેસરા વિસ્તારના યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકે પ્રેમિકાના પરિવારના ત્રાસના કારણે આપઘાત કર્યો હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. અને યુવતીના પિતા-મામા અને ભાઈ વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહીની માંગ કરી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલા નાગસેન નગરમાં રહેતા 27 વર્ષીય દિપક અશોકભાઈ સૈંદાણે પરિવાર સાથે રહેતો હતો. દિપક પરિવારનો એકનો એક પુત્ર હતો. પરિવારમાં માતા-પિતા અને બે પરિણીત બહેન છે. પિતા ખાનગી કંપનીમાં સફાઈ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. ત્યારે માતા અન્યના ઘરોમાં ઘરકામ કરીને આર્થિક રીતે મદદરૂપ થઈ રહ્યા છે. આ સાથે જ દિપક ઓનલાઈન ડિલિવરીનું કામ કરી પરિવારને આર્થિક સહારો બની રહ્યો હતો. છેલ્લા આઠ વર્ષથી ઘર નજીક રહેતી યુવતી સાથે દિપકની આંખ મળી ગઈ હતી. છેલ્લા 15 દિવસથી યુવતીના પરિવારને બંનેના પ્રેમસંબંધની જાણ થઈ હતી. જેથી યુવતીના મામા, પિતા અને ભાઈ એ દીપકને માર માર્યો હતો તેમજ ધમકી આપી ત્રાસ ગુજાર્યો હતો. દરમિયાન મંગળવારે બપોર બાદ દિપકે ઘરનો દરવાજો બંધ કરીને પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો.

# સિવિલ કેમ્પસમાં ચીફ મેડિકલ ઓફિસરને રિક્ષા ચાલકે અડફેટે લીધી

**કેમ્પસમાં** જમાવડો કરતા બેફામ રિક્ષાચાલકો સામે તંત્ર લાચાર

સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં મંગળવારે રાત્રે આશરે 8 વાગ્યે કિડની બિલ્ડિંગ પાસે એક ગંભીર ઘટના બની હતી, જ્યાં રિક્ષાચાલકે એક મહિલા સી.એમ.ઓ.ના પગ પર રિક્ષા ચડાવી દીધી હતી, જેનાથી તેમને ઈજા થઈ હતી.

નવી સિવિલ હોસ્પિટલના ત્રણેય ગેટ આસપાસનો વિસ્તાર અવ્યવસ્થિત પાર્કિંગથી ઘેરાયેલો રહે છે. ખાસ કરીને ફોર-વ્હીલર અને રિક્ષાચાલકો બેદરકારીથી વાહનો પાર્ક કરે છે. મેન ગેટ, સ્ટેમ સેલ બિલ્ડિંગ અને કિડની બિલ્ડિંગની આસપાસ રિક્ષાચાલકોનો મોટો જમાવડો હોય છે. આ રિક્ષાચાલકો નિયમોની ઉપેક્ષા કરીને પૂરઝડપે રિક્ષા હંકારે છે, જેના કારણે હોસ્પિટલ પરિસરમાં અકસ્માતની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. ગત રાતની ઘટનામાં, બે મહિલા સી.એમ.ઓ. કિડની બિલ્ડિંગવાળા ગેટથી હોસ્પિટલમાં પ્રવેશી રહી હતી. આ દરમિયાન એક રિક્ષાચાલકે પૂરઝડપે રિક્ષા હંકારી હતી અને મહિલાઓએ રિક્ષાને રોકવા માટે પોતાની ગાડી ઊભી રાખી હતી. જોકે, રિક્ષાચાલકે બેદરકારી દાખવી સી.એમ.ઓ. કૃતિકાબેનના પગ પર રિક્ષા ચડાવી દીધી હતી, જેનાથી તેમને ઈજા થઈ હતી. આ ઘટના દર્શાવે છે કે રિક્ષાચાલકોની બેજવાબદારીથી લોકોની સુરક્ષા જોખમમાં મુકાઈ રહી છે. આ સમસ્યાને ઉકેલવા માટે હોસ્પિટલ વહીવટીતંત્રે કડક પગલાં લેવા જરૂરી છે.

# 7 સપ્ટેમ્બરે પૂર્ણ ચંદ્રગ્રહણ, આકાશમાં દેખાશે 'બ્લડ મૂન'

**ગ્રહણ** રાત્રે 9:58 વાગ્યે શરૂ થશે અને 8 સપ્ટેમ્બરની મધરાત્રે 1:26 વાગ્યે સમાપ્ત થશે



સુરતઃ વર્ષ 2025નું બીજું ચંદ્રગ્રહણ ભાદરવા મહિનાની પૂનમના દિવસે, 7 સપ્ટેમ્બરે લાગવાનું છે. આ ચંદ્રગ્રહણ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી મહત્ત્વનું તો છે જ, પરંતુ તેનો જ્યોતિષ અને ધાર્મિક મહત્ત્વ પણ છે. ભારતીય સમય પ્રમાણે ગ્રહણ રાત્રે 9:58 વાગ્યે શરૂ થશે અને 8 સપ્ટેમ્બરના રોજ મધરાત્રે 1:26 વાગ્યે સમાપ્ત થશે. તેની અવધિ કુલ 3 કલાક અને 28 મિનિટ રહેશે. આ પૂર્ણ ચંદ્રગ્રહણ હશે અને આ દરમિયાન ચંદ્ર ધરતીની છાયામાં સંપૂર્ણ રીતે આવી જશે.

આ ગ્રહણને 'બ્લડ મૂન' પણ કહેવાય છે કારણ કે ધરતીની છાયામાં ચંદ્રનો રંગ આછો લાલ કે નારંગી દેખાય છે. આ અનોખું દ્રશ્ય ભારત સહિત એશિયા, યુરોપ, ઓસ્ટ્રેલિયા અને હિંદ મહાસાગર વિસ્તારમાં જોવા મળશે. ખગોળપ્રેમીઓ માટે આ એક અદભૂત કુદરતી ઘટના બની રહેશે. ચંદ્રગ્રહણ સાથે ધાર્મિક રીતે સૂતક કાળનું પણ ખાસ મહત્ત્વ છે. ગ્રહણ શરૂ થવાના 9 કલાક અગાઉ સૂતક લાગુ થઈ જાય છે. એટલે કે 7 સપ્ટેમ્બરના બપોરે 12:57 વાગ્યાથી સૂતક કાળ શરૂ થઈ જશે. ગણેશ જ્યોતિશ આચાર્ય કિરણભાઈ ઠક્કરનાં જણાવ્યાં મુજબ, પરંપરા મુજબ સૂતક કાળ દરમિયાન કોઈ શુભ કાર્ય, પૂજા અથવા ખોરાક સંબંધિત પ્રવૃત્તિ કરવી ટાળવામાં આવે છે.

**મને હોદ્દો આપી દો પછી બધાને જોઇ લઇશ, વિવાદી પૂર્વ પદાધિકારીનો શહેર સંગઠનને પડકાર**

# વિપક્ષ દ્વારા મેયર ઓફિસને ઘેરવાની ઘટના દરમિયાન વિવાદી પૂર્વ પદાધિકારી અને ઉત્સાહી કોર્પોરેટર વચ્ચે શાબ્દિક માથાકૂટ

**'મેયરને** સમર્થન આપવું આપણી ફરજ છે' કોર્પોરેટરની ટકોરથી 'ચા-પાણી કરી રહેલા પૂર્વ પદાધિકારી ઉકળી ગયા

સુરત : મહાનગરપાલિકામાં ગતરોજ મેયરની ઓફિસ બહાર વિપક્ષે ભારે હંગામો મચાવ્યો ત્યારે અંદર મેયરના સમર્થનમાં વિવિધ કમિટીના અધ્યક્ષો અને કોર્પોરેટરો હાજર રહ્યા હતા. પરંતુ એ જ સમયે બાજુમાં ડેપ્યુટી મેયરની ઓફીસમાં ભાજપના પૂર્વ પદાધિકારી મેયરને સપોર્ટ આપવા જવાને બદલે ગ્રાન્ટના કામોના નામે "ચા-પાણી" કરતા જોવા મળ્યા હતા.આ દ્રશ્યે કતારગામ ઝોનના એક ઉત્સાહી કોર્પોરેટરનો પારો ચડી ગયો હતો.

આ કોર્પોરેટરે માત્ર એટલું પૂછ્યું કે "સાહેબ, તમે અહીં ચા પીવા બેઠા છો, પરંતુ મેયર ઓફિસમાં આવ્યા કેમ નહીં? બધા ચેરમેનો તો અંદર જ છે." આ સીધી ટકોર પૂર્વ પદાધિકારીને જાણે કાળજામાં વાગી હોય તેમ જવાબ આપતા ટોણો મારતાં કહ્યું 'તું આવી ગયો, તું બધું સંભાળી લેજે' જવાબમાં ઉત્સાહી કોર્પોરેટરે ફરીથી ટકોર કરી "અરે સાહેબ, મારા વિસ્તારનું હોય તો હું સંભાળી પણ લઉં આ તો વરાછા વિસ્તારના છે તમારે સંભાળવું જોઈએ, વળી આ તો મેયરનો ઘેરાવ છે. આ વખતે તો સૌની ફરજ છે કે મેયરના સમર્થનમાં ઊભા રહીશું. આ વાત સાંભળી પૂર્વ પદાધિકારી મહાશય વધુ ઉશ્કેરાઈ ગયા અને "મારી પાસે કોઈ હોદ્દો આવવા દો બધું જ સંભાળી લઈશ" ગપસપની દુનિયામાં તો એવી પણ વાતો ચાલી રહી છે કે આ પૂર્વ પદાધિકારી સાહેબ શહેર ભાજપમાં મહામંત્રી બનવા તલપાપડ છે,

હવે સંગઠન આ મુદ્દે કયુ સ્ટેન્ડ અપાવે છે તે સમય કહેશે. પરંતુ હાલ તો કતારગામના આ ઉત્સાહી કોર્પોરેટરની ટકોર અને પૂર્વ પદાધિકારીની "ચા-પાણી રાજનીતિ" શહેરભરમાં ચટાકેદાર ગપસપનું મસાલેદાર મેનુ બની ગઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ, સુરતના નવા હોદ્દેદારો વરાયા



સુરતઃ 1200+ પ્રોફેશનલ સિવિલ એન્જીનિયર્સ અને આર્કિટેક્ટ સભ્યો ધરાવતી સાઉથ ગુજરાતની એકમાત્ર સંસ્થા ધી ઇન્સ્ટિટયુટ ઓફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ, સુરતના નવા પ્રેસિડન્ટ તરીકે દિલીપભાઇ પટેલ, વાઇસ પ્રેસિડન્ટ પિનાક દેસાઇ, ઓનરરી સેક્રેટરી નરેન્દ્રભાઇ કોટડીયા, ઓનરરી જોઇન્ટ સેક્રેટરી જતીન પટેલ અને ટ્રેઝરર તુષાર મહેતાની વરણી કરાઇ છે. આ સંસ્થા છેલ્લા 27 વર્ષથી બિલ્ડિંગ મટિરિયલ, આર્કિટેક્ટ એન્ડ ઇન્ટિરિયર પ્રોડકશનનું પ્રદર્શન સ્થાપત્યનું આયોજન કરે છે. સ્થાપત્યની આગલી શ્રેણીનું આયોજન તા. 6 થી 9 ફેબ્રુઆરી 2026 દરમિયાન કરવામાં આવ્યું છે.

### એસ.આર.લુથરા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં આધુનિક કરાયેલા વર્ગખંડનું લોકાર્પણ



સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત અને સાર્વજનિક યુનિવર્સિટી ની ઘટક સંસ્થા એસ. આર. લુથરા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ આધુનિક કરાયેલા વર્ગખંડનું ઉદ્દઘાટન કર્યું. આ વર્ગખંડ વિદ્યાર્થીઓ માટે વધુ અભ્યાસનું વાતાવરણ સર્જે તે માટે ખાસ તૈયાર કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ સમારોહમાં પૂર્વ વિદ્યાર્થી ડો. દિનેશ ધનકાણી મુખ્ય અતિથી તરીકે હાજર રહ્યા હતા. સાર્વજનિક એજ્યુકેશન સોસા.ના ચેરમેન ભરત શાહે સંસ્થાના આધુનિક સુવિધાઓ દ્વારા શિક્ષણની ગુણવત્તા વધારવાના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. પ્રોવોસ્ટ પ્રો. ડો. કિરણ પંડ્યા અને રજિસ્ટ્રાર આશિષ દેસાઇ અને એસ. આર. લુથરા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના ડિરેક્ટર ડો. જિમી એમ. કાપડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા

### સુરત પીપલ્સ બેંકે 30 સપ્ટેમ્બર-2024ના રોજ CRILC રિપોર્ટમાં કરી જ દીધો હતો

સુરતઃ બેંકે ચોક્કસ ઉધાર લેનારાઓ સંબંધિત ક્રેડિટ માહિતી સેન્ટ્રલ રિપોઝીટરી ઓફ ઇન્ફર્મેશન ઓન લાર્જ ક્રેડિટ્સને નિર્ધારિત સમયમર્યાદામાં ન આપવાના મામલે રિઝર્વ બેંકે 18.30 લાખનો દંડ કરવા મામલે માધ્યમોમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ અંગે સુરત પીપલ્સ બેંકે સ્પષ્ટતા કરી છે કે, સમગ્ર મામલો ટેકનિકલ એરરનો હતો. બેન્કે દરેક ત્રિમાસિકમાં તમામ લોનદારોની જેમની કુલ એક્સપોઝર રકમ 5 કરોડ અથવા વધુ હોય તેવા ખાતેદારોની ક્રેડિટ માહિતી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને CRILC માં રીપોર્ટ કરવાનો હોય છે. ધી સુરત પીપલ્સ કો.ઓ. બેન્કના જુના CBS પ્રોગ્રામમાંથી આ બાબતની ચોક્કસ માહીતી ન મળતી હોવાને કારણે 18 ખાતાઓનું રિપોર્ટિંગ થયું ન હતું. જેની જાણ પાછળથી થતા તેનું રિપોર્ટિંગ સુધારીને તા.30/09/2024 ના CRILC રિપોર્ટમાં કરવામાં આવ્યું હતું. આવા રિપોર્ટિંગ કરવામાં કોઈપણ નાણાકિય મુદો જોડાયેલો નથી. નવા CBS પ્રોગ્રામમાં આ બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું છે. આ સંદર્ભે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને પર્સનલ હિયરિંગ દરમ્યાન ખાત્રી આપવામાં આવી છે.

### રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધામાં સંસ્કાર ભારતી વિદ્યાલયને રાજ્ય કક્ષાએ સ્થાન મળ્યું



સુરતઃ ભારત વિકાસ પરિષદ સૂર્યનગરી શાખા દ્વારા સંસ્કાર ભારતી ઓડિટોરિયમ ખાતે રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધાનું આયોજન થયું હતું. શહેર-જિલ્લાની ૨૫ શાળાઓએ વિભાગ A, વિભાગ B તેમજ સંસ્કૃતમાં દેશભક્તિ ગીતોની રજૂઆત કરી હતી. સંસ્કાર ભારતી વિદ્યાલયે હિન્દી અને સંસ્કૃત ગીતમાં પ્રથમ ક્રમ હાંસલ કરી પ્રાંત કક્ષાએ સ્થાન મેળવ્યું હતું. કાર્યક્રમમાં પ્રાંત પ્રમુખ ધર્મેશ શાહ તથા પ્રાંત ખજાનચી ઉપસ્થિત રહ્યા અને વિજેતાઓને પ્રમાણપત્ર-ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા.

### ડી.આર.પટેલ કોમર્સ કોલેજમાં આરતી થાળી સ્પર્ધાનું આયોજન



સુરતઃ ડી.સી. પટેલ શૈક્ષણિક કેમ્પસ તથા સી.બી. પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સંચાલિત ડી.આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કોલેજ તથા નવનિર્માણ ઓફ મેનેજમેન્ટ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે 3 સપ્ટેમ્બર, 2025ના રોજ આરતી થાળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પરંપરાગત તથા નવોત્તર શૈલીમાં સુંદર શણગારેલી થાળીઓ રજૂ કરી, જેમાં તેમની શ્રદ્ધા અને સર્જનાત્મકતાનો ઉત્તમ પરિચય જોવા મળ્યો. વિજેતાઓને કોલેજ તરફથી પ્રમાણપત્રો અને ટ્રોફી અપાઇ સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ગણેશ પંડાલોમાં રોપા વિતરણ કરીને 'ભક્તિ સાથે પ્રકૃતિ'નો સંદેશ આપતા પૂર્વ મેયર



સુરતઃ ગણેશોત્સવની ઉજવણી સાથે પૂર્વ મેયર હેમાલી બોઘાવાલા દ્વારા 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત નોંધપાત્ર કાર્ય કરવામાં આવ્યું છે. હેમાલી બોઘાવાલા દ્વારા વાસ્તવિક ગણેશ મંડળ અને બેજાનવાળા કોમ્પ્લેક્સ ગણેશ મંડળ ખાતે રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ ગણેશ મંડળોમાં હાજર ભક્તોને 'એક પેડ મા કે નામ' અભિયાનનું મહત્ત્વ સમજાવી પર્યાવરણ સંરક્ષણની જવાબદારી નિભાવવા માટે સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

### મો. પૈયગમ્બરના જન્મદિવસ નિમિત્તે ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા દર્દીઓને ફૂડ પેકેટ્સ અપાયાં



સુરતઃ મો. પૈગમ્બર સાહેબના ૧૪૫૪માં જન્મદિવસની ઉજવણી રૂપે તા-૩૧/૦૮/૨૦૨૫ રવિવારે સવારે ૧૦-૦૦ કલાકે ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફર ટ્રસ્ટ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરની ૧૬ જેટલી નામાંકિત હોસ્પિટલોમાં બધા જ દર્દીઓને ૧૨૦૦ જેટલા ફુડપેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રેટરી ફૈયાઝભાઈ ચીડીમાર, જલીલ ચીડીમાર, હસ્સાન ચીડીમાર, મોહમ્મદ ચીડીમાર, ઉમ્મેએયમન ચીડીમાર, અહેમદ ચીડીમાર, આસીફ રાજવાણી, ઈરફાન ગગન, ઈરસાદ ગગન, વસીમ નવસારીવાલા, અસફાક ભીમાણી, બકુલપટેલ, દિવ્યાંગ પચ્ચીગર, ગુલામ, અબ્દુલવહાબ, સહેજાદી, ફીરદોસ, નુસૈબા, બુસરાફાતેમા, અતાફાતેમા, બતુલફાતેમા, તબ્બસુમ વગેરેએ જહેમત ઉઠાવી હતી.